પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૮ | ૧૧ માર્ચ, ૨૦૧૮, રવિવાર ; ફાગણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભારત-ફ્રાન્સ વચ્ચે ૧૪ સમજૂતિ કરારો

## ૧૬ અબજ ડોલરના કરારો પર હસ્તાક્ષર : ફ્રાન્સના પ્રમુખ મેક્રો અને મોદી વચ્ચે હૈદરાબાદ હાઉસમાં મંત્રણા : સંયુક્ત નિવેદન પણ જારી કરાયુ : ભારતની ડિગ્રી હવે ફ્રાન્સમાં પણ માન્ય રાખવાનો નિર્ણય




નવી દિલ્હી,તા. ૧૦

ફ્રાન્સના પ્રમુખ ઈમૈનનુએલ મેક્રો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૧૪ સમજુતી પર હસ્તાક્ષર કર્યા હતા. હૈદરાબાદ હાઉસમાં બન્ને નેતાઓ વચ્ચે સફળ મંત્રણા યોજાયા બાદ સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી. જેમાં મોદીએ કહ્યુ હતુ કે અમે બે માત્ર બે લોકશાહીના નેતા નતી બલ્કે અમે બે સમૃદ્ધ અને સમર્થ વિરાસતના ઉત્તરાધિકારી પણ છીએ. મોદીએ કહ્યુ હતુ કે સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારા ફ્રાન્સના જ મુલ્યો નથી બલ્કે ભારતના બંધારણમાં પણ આનો સમાવેશ કરવામાં આવ્યો છે. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે અમારી વ્યુહાત્મક ભાગીદારી ભલે ૨૦ વર્ષ જુની છે પરંતુ અમારી સભ્યતાઓની ભાગીદારી સદી જુની છે. ૧૮મી સદીથી લઈને આજ સુધી પંચતંત્રની વાર્તાઓ, મહાભારત અને રામાયણ મારફતે ફ્રાન્સીસી વિચારકોએ ભારતમાં અભ્યાસની કામગીરી હાથ ધરી છે. રોમ્યા રોલા, વિક્ટર હુગો જેવા લોકોએ ભારતમાં અભ્યાસની કામગીરી હાથ ધરીને અનેક ચાવીરૂપ બાબતો શોધી કાઢી હતી. ફ્રાન્સના પ્રમુખ ઈમૈનુએલ મેક્રોએ

● અનુસંધાન પાન-૭ પર

# દેશ-વિદેશની ૧૯ બેંકોમાં બચ્ચન દંપત્તિના ખાતાઓ

## લંડન, ફ્રાન્સ, દુબઇ અને પેરિસમાં બેંક ખાતાઓ : જયા બચ્ચને રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી : બીજી એપ્રિલે જયાની રાજ્યસભા સાંસદ તરીકેની અવધિ પૂર્ણ



લખનૌ,તા. ૧૦

દેશ વિદેશમાં બચ્ચન દંપત્તિના ૧૯ બેંક ખાતાઓ હોવાની મહત્વપૂર્ણ માહિતી સપાટી પર આવી છે. રાજ્યસભાની ચૂંટણી હવે યોજાનાર છે ત્યારે આ પ્રકારની માહિતી જાહેર કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાંથી રાજ્યસભા માટે બીજી એપ્રિલના દિવસે ખાલી થઈ રહેલી ૧૦ સીટો પૈકી એક સીટ માટે શુક્રવારના દિવસે જયા બચ્ચને પણ ઉમેદવારી નોંધાવી હતી. તેમની સાથે સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ, કિરણમય નંદા અને સુબ્રત રોય પણ હાજર રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

# ટ્રેન ટિકિટ હવે ટ્રાન્સફર કરી શકાશે

**કન્ફર્મ ટિકિટ પર યાત્રા ન કરવાની સ્થિતીમાં ટ્રાન્સફર થઇ શકશે : હવે પોતાની ટ્રેન ટિકિટને કોઇ અન્ય પરિવારના સભ્યના નામ ઉપર ટ્રાન્સફર કરવા માટે ટ્રેન રવાના થવાના ૨૪ કલાક પૂર્વે એક અરજી આપવાની રહેશે**

નવી દિલ્હી,તા. ૧૦

ટ્રેનમાં મુસાફરી કરતા મોટી સંખ્યામાં યાત્રીઓને હવે વધુ એક મોટી રાહત મળી ગઈ છે. આના ભાગરૂપે યાત્રી હવે પોતાની ટ્રેન ટિકિટને અન્ય કોઈને ટ્રાન્સફર પણ કરી શકશે. કોઈ સંજોગમાં જો તમે પોતાની કન્ફર્મ ટિકિટ પર યાત્રા કરવાની સ્થિતીમાં નથી તો આ ટિકિટને પરિવારના કોઈ અન્ય સભ્યને ટ્રાન્સફર કરી શકાશે. કેટલાક ઓનલાઈન પ્લેટફોર્મ પર રેલવેના આ પગલાના સંબંધમાં માહિતી આપી દેવામાં આવી છે. જેના કારણે લાખો પ્રવાસીઓને સીધી રાહત થઈ શકે છે. જો કે આના માટે કેટલીક શરતો પણ રાખવામાં આવી છે. જે શરતો મુજબ જ યાત્રી પોતાની ટિકિટને અન્ય પરિવારના સભ્યના નામ પર ટ્રાન્સફર કરી શકે છે. વર્ષ ૧૯૯૦માં જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં જેમાં ૧૯૯૭ અને ૨૦૦૨માં સુધારા કરવામાં આવ્યા હતા તે મુજબ હવે કોઈ વ્યક્તિ કન્ફર્મ ટિકિટ પર પોતે યાત્રા ન કરી શકે તો પરિવારના અન્ય કોઈ સભ્યના નામ પર તે પોતાની ટિકિટને ટ્રાન્સફર કરી શકશે. પરિવારના કોઈ અન્ય સભ્યના નામ પર ટિકિટ ટ્રાન્સફર કરવાની સ્થિતીમાં તે યાત્રા કરી શકશે. યાત્રી પોતાના પિતા, માતા, ભાઈ અને બહેનના નામ પર ટિકિટ ટ્રાન્સફર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**સેલેરી વધારાતા કેનેડાના તીબોનો વિરોધ**

કેનેડામાં તાજેતરમાં તબીબોની સેલેરી વધારાતા તબીબોએ તેનો અનોખો વિરોધ કર્યો હતો અને જણાવ્યુ હતુ કે અમને પહેલાથી જ ઘણી સેલેરી મળી રહી છે. સેલરી વધારવા માટે જે રકમ વાપરવાની છે તેનો ઉપયોગ નર્સોની સેલેરી વધારવા તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને સહાય આપવા માટે કરવામાં આવે તેમ તેમણે જણાવ્યુ છે.

**દેવાસમાં બાળક બોરવેલમાં પડ્યુ**

મધ્યપ્રદેશના દેવાસમાં એક ચાર વર્ષનું બાળક ૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી ગયુ છે. તે ૨૭ ફૂટ પર ફસાઈ જતા તેને બચાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

**જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપ**

ઈન્ડિયન મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ તેના અહેવાલમાં જણાવ્યું છે કે જમ્મુ-કાશ્મીરમાં ૪.૫ રિક્ટર સ્કેલનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે.

**ભૈયાજી જોશી ત્રીજીવાર મહામંત્રી**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહામંત્રીપદે સતત ત્રીજીવાર ભૈયાજી જોશીની વરણી કરવામાં આવી છે. તેઓ ત્રણ વર્ષ માટે આ પદ પર રહેશે.

**નારાયણ રાણેને ભાજપની ઓફર**

મહારાષ્ટ્ર સ્વાભિમાન પાર્ટીના પ્રમુખ નારાયણ રાણે રાજ્યસભાના ઉમેદવાર બનશે. ભાજપે તેઓને રાજ્યસભાના ઉમેદવાર બનવા માટે ઓફર કરી હતી જે નારાયણ રાણેએ સ્વીકારી લીધી છે.

# રોટોમેક કંપની હવે બંધ થવાના આરે : બેંકો કઠોર

## બે રોટોમેક ગ્રુપ કંપનીઓને ડેટા રીકાસ્ટ પ્રોગ્રામમાં ૯૦ દિવસ માટે એક્સટેન્શન આપવાનો બેંકો દ્વારા હવે ઇન્કાર

મુંબઈ,તા. ૧૦

કોઈ સમય પ્રતિષ્ઠિત કંપની તરીકેની છાપ ધરાવતી રોટોમૈક કંપની હવે બંધ થવાના આરે પહોંચી ગઈ છે. દેશની બેંકોએ એક કઠોર અને દાખલારૂપ પગલુ લઈને છેતરપિંડીની આરોપી સંસ્થાના માલિકોને ટર્નઅરાઉન્ડ પ્લાન્સમાં ભાગીદારી કરતા રોકી દીધા છે. બેંકોએ પ્રથમ વખત બે રોટોમૈક ગ્રુપ કંપનીઓને ડેટા રિકાસ્ટ પ્રોગ્રામમાં ૯૦ દિવસ માટે એક્સટેન્શન આપવાનો ઈન્કાર કરી દીધો છે.

આ બન્ને કંપનીઓ પર બેંકોનુ ૪૦૦૦ કરોડનુ દેવુ રહેલુ છે. બૈકરપ્ટસી કોર્ટ બેંક ઠગાઈના આરોપી વિક્રમ કોઠરીની કંપનીઓ રોટામૈક એક્સપોર્ટ્સ અને રોટોમેક ગ્લોબલની હરાજી કરશે. કારણ કે હજુ સુધી કોઈ રિજ્યુલેશન પ્લાનની કોઈ શક્યતા દેખાઈ રહી નથી. ૧૮૦ દિવસની શરૂઆતી સમયમર્યાદા ૧૯મી માર્ચના દિવસે ખતમ થઈ રહી છે. ઈન્સોલ્વંસી એન્ડ બૈકરપ્ટસી કોડની જોગવાઈ મુજબ શરૂઆતી સમયમર્યાદા ખતમ થઈ ગયા બાદ પણ રિવાઈવલ પ્લાન માટે સામાન્ય રીતે ૯૦ દિવસ વદુ આપી દેવામાં આવે છે. રોટોમૈકની બંન્ને કંપનીઓના રેજ્યુશનપ્રોફેશનલ અનિલ ગોયલે બેંકરોના આ અસામાન્ય પગલાની માહિતી આપી છે.

**વેચવાના છે**

ગ્રાઉન્ડ ફ્લોર તેમજ ફર્સ્ટ ફ્લોરવાળી જગ્યા વેચાણ આપવાની છે.

ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

સંપર્ક : ૭૫૬૭૬૮૨૫૦૧

# દેશમાં બેકવર્ડની નહી ફોરવર્ડની હરિફાઈ કરવી છે : નરેન્દ્ર મોદી

## વડાપ્રધાને સંસદના સેન્ટ્રલ હોલમાં રાષ્ટ્રીય જનપ્રતિનિધિ સંમેલનનું ઉદ્ઘાટન કર્યું : આપણું સંવિધાન છે દુનિયામાં વિશેષ, પછાત જિલ્લાઓમાં કરવામાં આવે યુવા અધિકારીઓની નિયુક્તિ, માત્ર રાજકારણ કરવાનો સમય ગયો, કામ પણ કરવું પડશે



ન્યુ દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના સેન્ટ્રલ હોલમાં રાષ્ટ્રીય જનપ્રતિનિધિ સમ્મેલનનું ઉદ્ઘાટન કરતાં કહ્યું હતું કે આપણું બંધારણ દુનિયામાં વિશેષ છે. વડાપ્રધાને કહ્યું હતું કે, એક સમય હતો જ્યારે દેશમાં દરકે સમયે માત્ર રાજનીતિ જ થતી હતી. પરંતુ હવે સમય બદલાયો છે. તમે સત્તામાં હોય કે વિપક્ષમાં, પરંતુ મહત્વનું એ છે કે તમે લોકો માટે કેટલું કામ કરો છો. હવે માત્ર મોરચા કાઢવાથી જનતાનું સમર્થન નથી મળી જતું. હવે લોકો વિચારે છે કે અમારા જીવનમાં પરિવર્તન લાવવા માટે કોણ અમારી સાથે છે.

આ પ્રસંગે દેશના ૧૧૫ પછાત જીલ્લાઓના વિકાસની વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, જો આ જીલ્લાઓમાં સુધાર આવશે તો દેશનો વિકાસ એની મેળે જ થશે. જો કોઈ રાજ્યમાં કેટલાક જીલ્લા ખુબ જ પ્રદર્શન કરતા હોય તો તેનો અર્થ એ છે કે ત્યાં ક્ષમતા રહેલી છે. પાછળ રહી ગયેલા વિસ્તારો પર પણ આપણે ધ્યાન આપવું જોઈએ. રાજ્ય કે ભારત સરકાર જ્યારે પોતાના લક્ષ્યાંકો નક્કી કરે છે કે ત્યારે સરળ રીતે પરિણામ આપનારાઓ પર ધ્યાન આપવામાં આવે છે. જેના કારણે જે સારૂં કરે છે તે ખુબ જ ઝડપથી આગળ વધવા લાગે છે. પરંતુ જે પહેલેથી જ પાછળ છે તે વધારે પાછળ રહી જાય છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, સામાન્ય રીતે ડિસ્ટ્રિક્ટ કલેક્ટરની સરેરાસ વય ૨૮ થી ૩૦ વર્ષ સુધીની હોય છે. પરંતુ ઘણીવાર પછાત જીલ્લાઓમાં વધારે ઉંમરના ડીએમને તૈનાત કરવામાં આવે છે. હવે આપણે નક્કી કરવું પડશે કે, આવા ૧૧૫ જીલ્લાઓમાં એ અધિકારીઓની જ નિમણુંક કરવામાં આવે જેમનામાં જુસ્સો હોય અને તે કંઈક કરી શકે તેમ હોય.

# યુપીની ફુલપુર-ગોરખપુરમાં પેટાચૂંટણી માટે આજે મતદાન

## ભાજપ અને સપાની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગી : ગોરખપુરમાં ૧૦ અને ફુલપુરમાં ૨૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

લખનૌ,તા. ૧૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ફુલપુર અને ગોરખપુરની લોકસભા સીટની પેટાચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ફુલપુર અને ગોરખપુરની પેટાચૂંટણી ભાજપ સહિત સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી માટે પણ મહત્વપૂર્ણ છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના મજબૂત ગણાતા ગઢ ફુલપુર અને ગોરખપુરમાં આ ચૂંટણી યોજાનાર છે. માયાવતીના નેતૃત્વમાં બહુજન સમાજ પાર્ટીએ ભાજપ સામે ટક્કર લેવા સમાજવાદી પાર્ટીને ટેકો આપ્યો છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ એકલા હાથે મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા બંને જગ્યાએ ગોઠવી દેવામાં આવી છે. કેન્દ્રિય અર્ધલશ્કરી દળના ૬૫૦૦ જવાનો ગોઠવવામાં આવ્યો છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા તમામ પગલા લેવાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

**શિક્ષકો જોઈએ છે**

રોયલ સાયન્સ સ્કૂલ

ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, અંગ્રેજી

B.Sc. B.Ed., M.Sc. B.Ed.

B.E. કે M.E. કરેલા ઉમેદવાર પણ અરજી કરી શકશે.

પગાર રૂ. ૨૫૦૦૦ થી ૩૫૦૦૦ સુધી

મો. 9574453334, 9574453332

**ROOPKALA**

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**RAINBOW EVENTS PRESENTS**

**EXHIBITION CUM SALE**



FREE Entry

SHOPPING DESTINATION FOR ALL

10th & 11th March, 2018

Saturday & Sunday

9.30 am to 8.30 pm

VENUE

Saurashtra Patel Wadi

Sector-7, Gandhinagar

Apparels, Jewellery, Home Decor, Food Court & much more...

Come, enjoy with us... Exhibition for Women Empowerment...

Organized by : VEENA VORA 99093 57639

RAJVEE

FOOD CORNER

The Taste of Royal Essence

PUNJABI | CHINESE | FAST FOOD

DALBATI | KATHIDAWADI

BANQUET

Birthday Party | Small Gathering | Office Meeting

LIVE KITCHEN

Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.

Phone : 079 6572 0001

Mobile : +91 9099884444, 95370 19001

Email : rfc@rajvee.in | www.rajvee.in

design@imageink 9510254800